જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૧૦/૨૦૧૫ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૮૭/૧૫**

## ચોરીના બે એકટીવા સાથે બે આરોપીઓને પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ.

નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ તથા મ.પો.કમિ.શ્રી આર.બી.પટેલ ,સાયબર ક્રાઇમ સેલ, ક્રાઇમ બ્રાંચ નાઓની સુચનાથી તેમજ પોલીસ ઇન્સપેકટર વી.જે.રાઠોડ સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇન્સ.શ્રી જે.એમ.જાડેજા નાઓ મિલકત સબંધી ગુનાઓ શોધવા માટે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે આરોપીઓ (૧) મહેન્દ્ર ગીરીશભાઇ પંચાલ ઉ.વ.૨૬ રહે.એ/૧૪,અંબીકાપાર્ક, કેનાલ ઉપર, એસ.આર.પી.કવાર્ટસ પાછળ,પાર્શ્વનાથ ટાઉનશીપ, નરોડા,અમદાવાદ તથા (૨) કિરણકુમાર કાન્તીલાલ પટેલ ઉ.વ.૩૨ રહે. બી/૨૦૫, વિનાયક વાટીકા,શ્રીરામ ચોક,બાપા સીતારામ રોડ,નવા નરોડા,અમદાવાદ શહેર નાઓને આજરોજ તા. ૧૫/૧૦/૨૦૧૫ ના કલાક ૧૪/૦૦ વાગે અટક કરવામાં આવેલ છે. સદરી આરોપીઓ પાસેથી એકટીવા નં. જીજે-૦૧-એસ.વી. ૪૪૬૪ એન્જીન નંબર ૨૧૩૯૦૭૩ તથા ચેસીસ નં. ૮૦૨૮૪૩૫ કી.રૂ. ૩૫,૦૦૦/- તથા એકટીવા નં. જીજે-૦૧-ઇ.આઇ. ૭૧૬ જેનો એન્જીન નં. ૦૮૦૭૩૭૩૩૮૧૧ તથા ચેસીસ નં. ૫૮૭૧૫૭૪૪ કી.રૂ. ૩૦,૦૦૦/- ગણાય તે કબજે કરવામાં આવેલ છે.

આરોપીઓ પાસેથી મળી આવેલ બંને એકટીવા ગાડીઓ અંગે તપાસ કરતા એકટીવા ગાડી નંબર એકટીવા નં. જીજે-૦૧-ઇ.આઇ. ૭૧૬ અંગે આનંદનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૮૯/૧૫ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો નોંધાયેલ છે. તથા બીજી એકટીવા સરખેજ પો.સ્ટે. વિસ્તારમાંથી ચોરી કરેલ હોવાનું જણાઇ આવેલ છે.

આ બંને એકટીવા પોતાને મનીષ નટવરલાલ પટેલ રહે. મ.નં. બી/૩૩ પ્રેરણા બંગલોઝ, બાપા સીતારામ ચોક, નરોડા,અમદાવાદ નાએ ચોરીના હોવાનું જણાવી આજથી દોઢેક માસ અગાઉ આપેલ તથા એકટીવાના ચોપડી કાગળો નથી અને સસ્તામાં વેચવા માટે આપેલ હોવાનું જણાવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)